ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૧ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ન્યુ બોર્ન બેબી ફોટોગ્રાફીનો ક્રેઝ

સે-૨૨માં રહેતા ધૈવત અને જાનવી વ્યાસ દ્વારા કરવામાં આવતી સુંદર હોમ બેઈઝડ ફોટોગ્રાફી : કેક સ્મેસ અને વોટર સ્પ્લેસ ફોટોગ્રાફી થીમ લોકપ્રિય બની



ગાંધીનગર, તા.૨૫

સોશિયલ મિડિયાના જમાનામાં એક બાદ એક નવા નવા ટ્રેન્ડ આવી રહ્યા છે. જેમાં સોશિયલ મિડિયા જેના વગર અધુરું છે તે ટ્રેન્ડ છે ફોટોગ્રાફી... ફોટોગ્રાફી તો ઠીક પણ આ કંઈક નવું છે. વિદેશમાં ચાલતો ટ્રેન્ડ અહીંયા પણ જોવા મળી રહ્યો છે જે છે ન્યુ બોર્ન બેબી ફોટોગ્રાફી...

ગાંધીનગરમાં સેકટર-૨૨ ખાતે રહેતા દૈવત વ્યાસ અને જાનવી વ્યાસ દ્વારા ન્યુ બોર્ન બેબી ફોટોગ્રાફી કરવામાં આવી રહી છે. જેમાં કોઈ પ્રમોશન વગર બે વર્ષમાં ૨૦૦થી વધારે ન્યુ બોર્ન બેબી ફોટોગ્રાફી કરી ચુકયા છે એ પણ પોતાના ઘરે જ. મુંબઈથી ન્યુ બોર્ન બેબી ફોટોગ્રાફી માટેનો કોર્ષ કર્યા બાદ ધૈવત વ્યાસે પોતાના ઘરે જ ફોટોગ્રાફીનું સુંદર લોકેશન બનાવીને નવા જન્મેલા બાળકોથી લઈ એક વર્ષના બાળકોની ફોટોગ્રાફી કરી રહ્યા છે જે પોતાના શોખ માટે પોતાના ન્યુ બોર્ન બેબીના ફોટોગ્રાફી માટે એક સમયે ફોટોગ્રાફી કરાવી રહ્યા હતા તેમાં વિચાર આવ્યો કે હું પણ આ રીતે નાના બાળકોની ફોટોગ્રાફી કરું અને પોતાનો ફોટોગ્રાફી ક્ષેત્રેનો જે શોખ છે તે ઉજાગર કર્યો અને ગાંધીનગરમાં નાના નાના બાળકોની સુંદર ફોટોગ્રાફી કરી જીવનભરની યાદગીરી રહે તેવા સુંદર ફોટા કલીક કરી કર્યા છે. જેમાં વિવિધ પ્રકારની થીમ મુજબ

ન્યુ બોર્ન બેબીના ફોટો શુટ કરવામાં આવે છે. માતા-પિતા પોતાના બાળકના જન્મથી તે એક વર્ષનું થાય તે દિવસોની યાદગીરી બનાવવા માટે સુંદર મજાનો આલ્બમ બનાવડાવી રહ્યા છે. જેમાં કેક સ્મેસ ફોટોગ્રાફી અને વોટર સ્પ્લેસ ફોટોગ્રાફીની ડિમાન્ડ સૌથી વધારે છે. આ ઉપરાંત જંગલથીમ, નેચરલ થીમ, લાઈફસ્ટાઈલ થીમ, જલપરી થીમ, વિવિધ રંગબેરંગી ફૂલોની થીમ વિગેરે માતા-પિતાના માર્ગદર્શન પ્રમાણે નક્કી કરવામાં આવે છે. હોમ બેઝડ સ્ટુડીયો હોવાથી બાળકોને ઘર જેવો જ માહોલ મળી રહે છે.

સાત દિવસથી ૨૫ દિવસ સુધી જ નવા જન્મેલા બાળકોની ફોટોગ્રાફી કરવામાં સરળતા રહે છે કારણકે આ દિવસોમાં કોઈ પ્રકારનું હલનચલન વધારે થતું નથી. એક વર્ષના બાળકોની ફોટોગ્રાફી કરવી ખૂબ અઘરી બની જાય છે. કારણ કે નાના બાળકો એક જગ્યા પર ફોટોગ્રાફી માટે પોઝ આપી શકતા નથી. નવા નવા ટ્રેન્ડ મુજબ માતા-પિતા દ્વારા નાના બાળકોના મંથ વાઈઝ ફોટોશુટ કરાવવામાં આવી રહ્યા છે. જેના ફોટો સોશિયલ મીડિયામાં અઢળક જોવા મળી રહ્યા છે. મોર્ડન મમ્મીઓ પોતાના બાળકના બાળપણની યાદોને રંગીન બનાવવા માટે સુંદર મજાના ફોટો શૂટ કરાવી રહ્યા છે. જેમાં શહેરના ધૈવત વ્યાસ દ્વારા સૌ પ્રથમ લાઈવ લોકેશનમાં ફોટોગ્રાફી કરવામાં આવી રહી છે જયારે અન્ય ફોટોગ્રાફ દ્વારા એડિટીંગ કરીને બેકગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવતું હોય છે. ધૈવત વ્યાસના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં તેઓ પોતાનો સ્ટુડીયો પણ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે જે ગાંધીનગરાઓ માટે ખૂબ લાભદાયી રહેશે.

જન્મદિને વધામણી

જતીનભાઈ જે દવે
મો. ૯૯૨૪૩ ૪૩૬૮૯

અશ્વિનભાઈ પી. દેસાઈ
મો. ૬૩૫૧૨ ૯૨૪૫૯

ધૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩

શરદ જે વઘાસીયા

રમણીક ભાઈ પટેલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

પટેલ શંભુભાઈ જીવણલાલ
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮

ગાંધીનગરમાં નિર્માણ થવા જઈ રહેલી સ્માર્ટ સ્કૂલના પ્રોજેક્ટ બાબતે ગાંધીનગર કમિશનર અને અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી હતી. શહેર માં વિવિધ ૬ જેટલા સ્થળે આ સ્માર્ટ સ્કૂલ બનવા જઈ રહી છે જે બાસણ, સેક્ટર-૭, સેક્ટર-૧૩, સેક્ટર-૨૮, સેક્ટર-૨૯ અને જીઈબીમાં નવનિર્મિત સ્માર્ટ સ્કૂલ આગામી સમયમાં તૈયાર કરવામાં આવશે.

શનિવારે આર્ષ વ્યાખ્યાનમાળામાં 'યુવાનોની સમસ્યા અને ઉકેલ' વિષયે પ્રવચન

ગાંધીનગર, તા.૨૫

આપણા યુવાનોને આજે શું થવા બેઠું છે? વર્તમાન સમયના યુવાનોના કૃત્યો સામે નજર કરીએ તો માતા-પિતા બહેનની હત્યા, ચોરી, લૂંટફાટ, આત્મહત્યા, ડ્રગ્સનું સેવન નજીવી બાબતમાં મારામારી. જેઓના હાથમાં દુનિયાનું વર્તમાન અને ભવિષ્ય છે એ યુવાનોની આવી દશા. તો પ્રશ્ન એ થાય છે કે સમસ્યા શું છે? એવી કઈ બાબતો છે જે યુવાનો સામે પડકાર બનીને ઉભી છે? એવા કયા પરિબળો છે જેનો યુવા માનસ પર ગંભીર પ્રભાવ પડે છે? એવી કઈ સમસ્યા છે જે યુવાનોને સતાવે છે અને એના ઉપાયો શુંછે? આ ચિંતાના સ્વીકાર સાથે યુવા માનસને સમજવા આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૯૯માં સામાજિક સમસ્યાના ભાગરૂપે યુવા માનસનો એમ.આર.આઈ. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ) પર તા. ૨૮-૫-૨૦૨૨ શનિવારના રોજ હરિમંદિર સભાગૃહ ખાતે સાંજે ૪.૩૦ થી ૭.૦૦ દરમિયાન પ્રવચન યોજાશે. આ પ્રવચનમાં વિદ્વાનસંત જ્ઞાનનયનદાસ સ્વામી, સ્વામિનારાયણ વેદાંચાતાર્ય, બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વકતવ્યનો લાભ પ્રાપ્ત થશે સૌ શ્રોતાજનોને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં બગીચાઓની સંખ્યા સવિશેષ છે પરંતુ જાળવણીના અભાવે બગીચાઓ તેનું સૌંદર્ય ગુમાવી રહ્યા છે. જો કે કોર્પોરેશન દ્વારા કેટલાક બગીચાઓનું રીનોવેશન કરવામાં આવ્યું છે પરંતુ હજુ કેટલાક બગીચાઓમાં પુરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. સેકટર-૫ના બગીચામાં વધુ સગવડો ઉપલબ્ધ કરવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના કેસરીસિંહ બિહોલાએ કમિશનરને રજૂઆત કરી હતી.

સરસ્વતી ઈન્સ્ટિટયૂટના ૩ વિદ્યાર્થીઓ GPAT માં ઝળકયા

ગાંધીનગર, તા.૨૫

GPAT (ગ્રેજયુએટ ફાર્મસી એપ્ટીટયુટ ટેસ્ટ) પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવામાં આવે છે. જેનું પરિણામ ૨૦મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માટે કુલ ૫૩૩૦૨ ઉમેદવારો નોંધાયા હતા. સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસના ૩ વિદ્યાર્થીએ આ પરીક્ષાને સારા રેન્ક સાથે પાસ કરી હતી. અતુલ વર્મા, અખિલ સોની અને કિશન પરમારે આ પરીક્ષામાં સમગ્ર ભારતમાં અનુક્રમે ૧૫૭, ૧૦૨૨ અને ૬૮૫૯ ક્રમ સાથે ઉત્તીર્ણ કરેલ છે જે બદલ સંસ્થા દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બીજી જૂને થશે સામુહિક સીમંતોન્નયન સંસ્કાર

નિઃશુલ્ક રજિસ્ટ્રેશન કરાવીને સગર્ભા બહેનો લઈ શકશે ભાગ

ગાંધીનગર, તા.૨૫

તેજસ્વી બાળકના જન્મ થકી તેજસ્વી રાષ્ટ્રના નિર્માણના હેતુથી કાર્યરત્ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બીજી જૂનને ગુરુવારે સામુહિક સીમંતોન્નયન સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ વૈદિક પદ્ધતિથી થનારી આ સંસ્કારવિધિમાં છઠ્ઠા કે સાતમા માસની ગર્ભાવસ્થાવાળી કોઈપણ બહેનો નિઃશુલ્ક ભાગ લઈ શકશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ

શાહની પ્રેરણાથી અને કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન મુજબ, તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્રના વડા ડૉ. રાકેશ પટેલની રાહબરીમાં યુનિવર્સિટી ખાતે સામુહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી જૂનના રોજ સવારે ૯.૩૦ કલાકે યુનિવર્સિટીના શિક્ષક જયદેવ ધાંધિયા શાસ્ત્રોક્ત પદ્ધતિથી આ સંસ્કાર કરાવશે. જેમાં યુનિવર્સિટીના ગર્ભસંસ્કાર કેન્દ્રમાં આવતી બહેનો જોડાશે. ઉપરાંત છઠ્ઠા કે સાતમા માસની ગર્ભાવસ્થાવાળી કોઈપણ બહેનો આ સીમંતોન્નયન સંસ્કારમાં ભાગ લઈ શકશે. આ માટે તેમણે યુનિવર્સિટી ખાતે નામ-નોંધણી કરાવવાની રહેશે. આ કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. વૃંદન જયસ્વાલ તથા સહસંયોજક તરીકે રાજશ્રીબહેન પટેલ ભૂમિકા નિભાવી રહ્યા છે. આ સંસ્કારવિધિ અંગે ડૉ વૃંદન જયસ્વાલ કહે છે કે, હિન્દુ ધર્મમાં ૧૬ સંસ્કારનું વિશેષ મહત્ત્વ છે. જેમાં સીમંતોન્નયન સંસ્કાર એ ત્રીજા ક્રમના સંસ્કાર છે. બાળક ગર્ભમાં છ કે સાત માસનું હોય ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. સગર્ભા સ્ત્રી અને નવજાત શિશુનું અભિવાદન કરવા તેમજ આવનારા બાળકની દીર્ઘાયુ, બૌદ્ધિક વિકાસ, સગર્ભા સ્ત્રીની પ્રસન્નતા અને મનોકામના પૂર્ણ થાય તે હેતુથી આ સંસ્કાર કરવામાં આવે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજાનારા આ સીમંતોન્નયન સંસ્કારમાં જોડાવા સગર્ભા બહેનોને આમંત્રિત કરવામાં આવે છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર દિનેશજી દશરથજી,** ઉ.વ. ૪૩, બોરીજ
- **સ્વ. ઠાકોર પ્રવિણ ઉદાજી,** ઉ.વ. ૨૫, હાલીસા, દહેગામ
- **સ્વ. વાઘેલા અમરબેન રતનસિંહ,** ઉ.વ.૭૯, સે-૨
- **સ્વ. સોલંકી પોપટજી જુહાજી,** ઉ.વ. ૪૮, આલમપુર

ગાંધીનગર જિલ્લા માસ્ટર એથ્લેટીકસ એસો. દ્વારા સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા માસ્ટર એથ્લેટીકસ એસો. અને ગાંધીનગર જિલ્લા બાસ્કેટબોલ એસો.ના ઉપક્રમે પ્રમુખ દિનેશસિંહ ચાવડાના અધ્યક્ષપદે તા. ૨૨-૪-૨૨ના રોજ હોટલ ઘુંઘટ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. એ.બી. વ્યાસા, મનુભાઈ પટેલ, ઈન્દુમતીબેન નિમાવતને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

નેશનલ કક્ષા ચિન્નાઈ ખાતે ૩૦૦ મી. હર્ડલ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા શાન્તાબેન બુબડીયાને પુરસ્કાર આપી સન્માન કર્યું હતું તેમજ રાજયકક્ષા અને નેશનલ કક્ષાએ ભાગ લીધેલ તમામ ખેલાડીઓનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સ્વીમીંગમાં નેશનલ કક્ષાએ બે ગોલ્ડ મેડલ લાવનાર સિનિયર સિટીઝન મનીષા ત્રિપાઠીનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે મહેશભાઈ બડમલીયા નિવૃત્ત ડીવાયએસપી અને કશ્યપ નિમાવત-પત્રકાર ઉપસ્થિત રહ્યા હતા.

વીપીએમપી પોલીટેકનીક ખાતે સાયબર ક્રાઈમ વિષય અંતર્ગત સેમિનાર યોજાયો

શહેરની સેકટર-૧૫ સ્થિત વીપીએમપી પોલીટેકનીક ખાતે ગાંધીનગર રેન્જ અને સાયબર સેલ સેકટર-૨૭ના સંયુકત ઉપક્રમે સાયબર ક્રાઈમ વિષય ઉપર આજરોજ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સાયબર સેલ પોલિસ સ્ટેશન સેકટર-૨૭ તરફથી પી.એન. ધાંધલ, એચ.એન. સરવૈયા અને પાયલબા ઝાલાએ ઉપસ્થિત રહીને ઈન્ટરનેટના માધ્યમ થકી વ્યાપ્ત સાયબર ગુનાઓ વિશે વિસ્તૃત સમજ

આપી હતી અને સાયબર ફ્રોડથી બચવા અંગેનું માર્ગદર્શન પણ પુરું પાડયું હતું. પ્રવર્તમાન સમયમાં જયારે મોબાઈલ અને ઈન્ટરનેટ માનવજીવનના અભિન્ન અંગ બની ગયા છે ત્યારે તેના થકી આર્થિક ગુનાઓનું પ્રમાણ પણ એટલું જ વધ્યું છે. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ ભાવી યુવા પેઢીને આ પ્રકારના ગુનાઓથી કેવી રીતે બચાવી શકાય તે હતો. આ સેમિનારમાં ટેકનીકલ આસીસ્ટંટ તરીકે કે.એન. ગોસ્વામી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપિકા એષા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.